# કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો રે

કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો રે  (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

તારી કૃપાએ મારા કાજ સરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

શંખેશ્વરપુરનાં  સાહિલ સોહામણા

દેવાધિદેવ કરું દિલમાં પધરામણા

શંખેશ્વરપુરનાં  સાહિલ સોહામણા

દેવાધિદેવ કરું દિલમાં પધરામણા

અંતર પધારી મારું શ્રેય કરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

ભવની ગલીનો હું તો પાપી ભિખારી,

રૂડા હે નાથ તારી કરું  આજ  યારી

ભવની ગલીનો હું તો પાપી ભિખારી,

રૂડા હે નાથ તારી કરું  આજ  યારી

શિવપુરના વાસી મને યાદ કરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

તારે ને મારે નાથ અંતર ઝાઝેરું

આવો અંતર  તો મારા પાપો વિખેરું

તારે ને મારે નાથ અંતર ઝાઝેરું

આવો અંતર  તો મારા પાપો વિખેરું

પાપો વિખેરી વીર આવી મળો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે  (૨)

તારો વિરહ મારા દિલડાને ડંખતો

તેથી તમારું દર્શ દિલથી હું ઝંખતો

તારો વિરહ મારા દિલડાને ડંખતો

તેથી તમારું દર્શ દિલથી હું ઝંખતો

મોંઘેરી ઝંખનાને પુર્ણ કરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

મંથન સ્વરૂપ તારા યાત્રાના ભાવથી

તલસે વિયોગ મારો તારા સદભાવથી

મંથન સ્વરૂપ તારા યાત્રાના ભાવથી

તલસે વિયોગ મારો તારા સદભાવથી

મળવા એકાંત મન મારું મળો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

પ્રેમે સકળ સંઘ સાથ તને વંદતો

ભુવનભાનુ તારો ભક્ત આનંદતો

પ્રેમે સકળ સંઘ સાથ તને વંદતો

ભુવનભાનુ તારો ભક્ત આનંદતો

ધર્મજીત શિષ્ય તારી પીડ હરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

કૃપા કરો, કૃપા કરો, કૃપા કરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

તારી કૃપાએ મારા કાજ સરો રે (૨)

પાર્શ્વનાથ દાદા મોપે કૃપા કરો રે (૨)

February 26, 2016 - https://www.youtube.com/watch?v=baRP_YGyId0